GJAM090004552025

सत्यमेव जयते

રજુ તારીખ:– ૦૩/૦૭/૨૦૨૫

દાખલ તારીખ:– ૦૩/૦૭/૨૦૨૫

નિકાલ તારીખ:– ૦૧/૦૮/૨૦૨૬

અવધિ:– ૦૧ વર્ષ–૦૦ માસ–૨૯ દી.

ફોજદારી કેસ **નં.૩૨૩/૨૦૨૫**

આંક–

FORM-A

| |
|---|
| પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજી.ફ.ક. શ્રી આર.એ.નાગપાલ સાહેબની કોર્ટમા મું.લાઠી, જિ.અમરેલી<br>કોડ નં.જી.જે.૦૧૫૫૩<br>ચુકાદાની તારીખ:–**૦૧/૦૮/૨૦૨૬**<br>ક્રિમીનલ કેસ **નં. ૩૨૩/૨૦૨૫**<br>લાઠી પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૫૦૦૮૫/૨૦૨૫** |

| | |
|---|---|
| ફરિયાદી<br>ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી | ધી સ્ટેટ ઓફ ગુજરાત<br>વિ.એ.પી.પી. શ્રી **આર.પી.રાણા** |
| આરોપીઓ | **(૧) જગદીશભાઈ વાઘજીભાઈ સોલંકી ઉ.વ.૪૦**<br>**(૨) નકુભાઈ વાઘજીભાઈ સોલંકી ઉ.વ.૫૯**<br>**(૩) વિષ્ણુભાઈ સુખાભાઈ સોલંકી ઉ.વ.૩૮**<br>**(૪) સંજયભાઈ નકુભાઈ સોલંકી ઉ.વ.૨૯** |

| | |
|---|---|
| | **(૫) મુનાભાઈ આંબાભાઈ સોલંકી ઉ.વ.૩૬**<br>**(૬) ભાવેશભાઈ રમેશભાઈ ઉર્ફે શીવાભાઈ સોલંકી ઉ.વ.૨૯**<br>તમામ રહે. વાડી વીસ્તાર, મું.જાનબાઈ દેરડી, તા.લાઠી, જિ.અમરેલી |
| આરોપીઓ તરફે વી.વ.શ્રી | **આર.સી.દવે** |

FORM-B

| | |
|---|---|
| બનાવ તારીખ | ૦૫/૦૪/૨૦૨૫ |
| એફ.આઈ.આર. કેસ તારીખ | ૦૬/૦૪/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૩/૦૭/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદા તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | ––––––––– |

**૦ઃ– આરોપીઓની વિગત ૦ઃ–**

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન /નિર્દોષ | સજા | બી.એન.એસ. કલમ–૨૭૧ હેઠળ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| **(૧) જગદીશભાઈ વાઘજીભાઈ** | | નં.૧ થી ૩ તા.૦૮/૦૪/ | નં.૧ થી ૩ તા.૧૮/૦૪/૨૦ | **બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨,** | નિર્દોષ | –– | –– |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **સોલંકી ઉ.વ.૪૦<br>(૨) નકુભાઈ વાઘજીભાઈ સોલંકી ઉ.વ.૫૯<br>(૩) વિષ્ણુભાઈ સુખાભાઈ સોલંકી ઉ.વ.૩૮<br>(૪) સંજયભાઈ નકુભાઈ સોલંકી ઉ.વ.૨૯<br>(૫) મુનાભાઈ આંબાભાઈ સોલંકી ઉ.વ.૩૬<br>(૬) ભાવેશભાઈ રમેશભાઈ ઉર્ફે શીવાભાઈ સોલંકી ઉ.વ.૨૯** | ૨૦૨૫ નં.૪ થી ૬ તા.૧૪/૦૪/૨૦૨૫ | ૨૫ નં.૪ થી ૬ તા.૨૧/૦૪/૨૦૨૫ | **૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ** | | | |

FORM-C

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે સાહેદ લીસ્ટ

એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| ફરી.સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| સાહેદ નં.૧ | ૨૪ | બાલીબેન વા/ઓ ગોપાલભાઈ સાબળીયા | ફરિયાદી |
| સાહેદ નં.૨ | ૨૬ | ગોપાલભાઈ ભુપતભાઈ સાબળીયા | સાહેદ |
| સાહેદ નં.૩ | ૨૭ | ભુપતભાઇ વેલજીભાઈ સાબળીયા | સાહેદ |
| સાહેદ નં.૪ | ૨૮ | સોમજીભાઈ વેલાભાઈ સાબળીયા | સાહેદ |
| સાહેદ નં.૫ | ૨૯ | શૈલેષભાઈ માધાભાઈ સાબળીયા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| સાહેદ નં.૬ | ૩૦ | રેખાબેન ભુપતભાઈ સાબળીયા | સાહેદ |
| સાહેદ નં.૭ | ૩૧ | નિલેશભાઈ ભુપતભાઈ સાબળીયા | સાહેદ |
| સાહેદ નં.૮ | ૩૨ | ગોપાલભાઈ અશોકભાઈ ઓગાણીયા | પંચ સાહેદ |
| સાહેદ નં. ૯ | ૩૪ | લાલજીભાઈ બાજુભાઈ ચારોલીયા | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૦ | ૩૫ | નીતેશભાઈ રામજીભાઈ મેર | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૧ | ૩૭ | અલ્પેશભાઈ મનસુખભાઈ રવોલીયા | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૨ | ૬૧ | કેવલભાઈ શીવાભાઈ રવોલીયા | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૩ | ૬૩ | અજયભાઈ મુકેશભાઈ રવોલીયા | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૪ | ૬૪ | રાજેશભાઈ રણછોડભાઈ ધરાજીયા | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૫ | ૬૬ | ભુપતભાઈ કાનજીભાઈ ગોહીલ | પંચ સાહેદ |
| સાહેદ નં.૧૬ | ૬૯ | કૌશીકકુમાર કાંતીલાલ પાંડવ | ત.ક.અ. |

બી./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નં. આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ............. | ............. | ............. |

સી./કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નં. આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ............. | ............. | ............. |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે આંક

એ./ફરીયાદપક્ષે આંક–

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૫ | ફરિયાદ |
| ૨ | ૩૩ | ડીસ્કવરી પંચનામું |
| ૩ | ૩૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૩૮,૩૯ | એમ.એલ.સી. યાદી |
| ૫ | ૪૦ થી ૪૨ | મેડી. ફીટનેસ સર્ટી. |

| | | |
|---|---|---|
| ૬ | ૪૩ | અટક પંચનામું |
| ૭ | ૪૪ | હથિયારબંધી જાહેરનામાની નકલ |
| ૮ | ૪૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૯ | ૪૬ થી ૪૮ | મેડી. ફીટનેસ સર્ટી. |
| ૧૦ | ૪૯ થી ૫૦ | મુદ્દામાલ રવાનગી રીપોર્ટ તથા પત્રક |
| ૧૧ | ૫૧ થી ૫૨ | પૃથ્થકરણ અહેવાલ |
| ૧૨ | ૫૩ | મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| ૧૩ | ૫૪ થી ૫૯ | સાહેદોના એમ.એલ.સી./સારવાર સર્ટી. |
| ૧૪ | ૬૦ | સીટી સ્કેન રીપોર્ટ |
| ૧૫ | ૬૨ | આરોપી અટક કરી કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૬ | ૬૩ | અજયભાઈ મુકેશભાઈ રવોલીયા |
| ૧૭, | ૬૫ | સાહેદ પાસેથી મુદ્દામાલ કપડા કબજા કર્યાનું પંચનામું |
| ૧૮ | ૭૦ | ડે.હુકમ |

બી./બચાવપક્ષે આંક

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ......................... | ............... | ................... |

સી./કોર્ટ તર્ફે આંક

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ...................... | .................... | ............... |

કબજે કરેલ મુદ્દામાલ.

| અનુક્રમ નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧. | – | ઈંટનો ટૂકડો, શર્ટ, સાદું પેન્ટ,ગંજી, જીન્સ પેન્ટ,ધારીયું, લોખંડનો પાઈપ, મોટો રૂમાલ |

## -:: ચુકાદો ::-

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં નીચે મુજબ છે:-

તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સાંજના આશરે ૧૭-૩૦ વાગ્યાની આસપાસ મોજે દેરડી જાનબાઈ ગામે આરોપી નં.૧ ટુ-વ્હીલર લઈને ફરિયાદીના ઘરની બાજુમાં નીકળેલ હોય અને બાઈક ગજવતા હોય જેથી ફરિયાદીના સાસુએ બાઈક ગજવવાની ના પાડેલ અને ત્યારબાદ આરોપી નં.૧ ના બહેન ચકુબેન તથા રંજનબેન તથા તહો.નં.૧ ની પત્ની શોભાબેન ફરિયાદીના ઘર પાસેથી નીકળેલ જેઓને ફરિયાદીના સાસુએ ફરિયાદીના ઘરની પાસેના રસ્તેથી ચાલવાની ના પાડેલ હોય, જેનું મનદુઃખ રાખી આરોપી નં.૧ નાએ ફરિયાદી તથા સાહેદોના ઘર પાસે આવી ફરિયાદી તથા સાહેદોને ગાળો આપી બોલાચાલી કરેલ, જે દરમિયાન ફરિયાદીએ ફોન કરીને તેના સસરા ભુપતભાઇને ઘરે બોલાવતા, ભુપતભાઈ આવીને તમામ લોકોને સમજાવતા હતા તે દરમિયાન આરોપી નં.૨ જગદીશભાઈ ત્યા ધારીયું લઈને આવી ફરિયાદીના સસરાના માથાના ભાગે તેમજ બંને નેણ પાસે બે-બે ટાંકા આવે તેવી ગંભીર ઈજા કરેલ, તેમજ માથાના ભાગે હેમરેજ આવે તેવી ઈજા કરેલ તથા ફરિયાદીના પતિ ગોપાલભાઈને આરોપી નં.૩ નાએ આવી ઘુંટણના ભાગે પથ્થર વડે માર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તથા આરોપી નં.૪,૫,૬ નાઓએ પણ ત્યા આવી તેમાંથી કોઈએ પથ્થરના છૂટા ઘા કરેલ તથા ફરિયાદી અને સાહેદો સાથે બોલાચાલી તથા મારમારી કરેલ અને તે દરમિયાન ફરિયાદીના મોટા સસરા સોમજીભાઈને આરોપી નં.૬ નાએ ખંભાના ભાગે લોખંડના પાઈપ વડે માર મારી મુંઢ ઈજા કરી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મે.અધિક જિલ્લા મેજી. સા. અમરેલીનાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા વિગેરે બાબત.

(૨) બનાવની વિગતવારનો અહેવાલ લાઠી પો. સ્ટે.માં દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજુ કરી આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતા **બી.એન.એસ.ની કલમ-૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ** હાલનું ચાર્જશીટ રજૂ કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૩) પોલીસ અહેવાલ રજુ થતા બી.એન.એસ.એસ. ની કલમ-૨૧૦ (૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ **બી.એન.એસ.ની કલમ-૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨),**

**૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫** મુજબ ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતા, હાજર થતા, કલમ–૨૩૦ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, **આંક–૧૫** થી તહોમતનામુ ફરમાવી આરોપીઓની **આંક–૧૬ થી ૨૧** અન્વયે પ્લી નોંધવામાં આવતા તે વાંચી, સંભળાવતા, સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ઈન્કાર કરતા, ત્યારબાદ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદક્ષે તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે જણાવેલ **ફોર્મ સી** મુજબ મૈખિક અને લેખીત પુરાવા આપેલ છે.

(૫) આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષના પુરાવાના અંતે બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અને આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવેલ છે.

(૭) આ કામે અમોએ વિ.સરકારી વકીલશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

(૮) આ કામે પડેલ પુરાવા ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે અમારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

**::–મુદ્દાઓ–::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સાંજના આશરે ૧૭–૩૦ વાગ્યાની આસપાસ મોજે દેરડી જાનબાઈ ગામે આરોપી નં.૧ ટુ–વ્હીલર લઈને ફરિયાદીના ઘરની બાજુમાં નીકળેલ હોય અને બાઈક ગજવતા હોય જેથી ફરિયાદીના સાસુએ બાઈક ગજવવાની ના પાડેલ અને ત્યારબાદ આરોપી નં.૧ ના બહેન ચકુબેન તથા રંજનબેન તથા તહો.નં.૧ ની પત્ની શોભાબેન ફરિયાદીના ઘર પાસેથી નીકળેલ જેઓને ફરિયાદીના સાસુએ ફરિયાદીના ઘરની પાસેના રસ્તેથી ચાલવાની ના પાડેલ હોય, જેનું મનદુઃખ રાખી આરોપી નં.૧ નાએ ફરિયાદી તથા સાહેદોના ઘર પાસે આવી ફરિયાદી તથા સાહેદોને ગાળો આપી બોલાચાલી કરેલ, જે દરમિયાન ફરિયાદીએ ફોન કરીને તેના સસરા ભુપતભાઈને ઘરે બોલાવતા, ભુપતભાઈ આવીને તમામ લોકોને સમજાવતા હતા તે દરમિયાન આરોપી નં.૨ જગદીશભાઈ ત્યા ધારીયું લઈને આવી ફરિયાદીના સસરાના માથાના ભાગે તેમજ બંને નેણ પાસે બે–બે ટાંકા આવે તેવી ગંભીર ઈજા કરેલ, તેમજ

માથાના ભાગે હેમરેજ આવે તેવી ઈજા કરેલ તથા ફરિયાદીના પતિ ગોપાલભાઈને આરોપી નં.૩ નાએ આવી ઘુંટણના ભાગે પથ્થર વડે માર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તથા આરોપી નં.૪,૫,૬ નાઓએ પણ ત્યા આવી તેમાંથી કોઈએ પથ્થરના છૂટા ઘા કરેલ તથા ફરિયાદી અને સાહેદો સાથે બોલાચાલી તથા મારમારી કરેલ અને તે દરમિયાન ફરિયાદીના મોટા સસરા સોમજીભાઈને આરોપી નં.૬ નાએ ખંભાના ભાગે લોખંડના પાઈપ વડે માર મારી મુંઢ ઈજા કરી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મે.અધિક જિલ્લા મેજી. સા. અમરેલીનાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી **બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫** મુજબનો ગુનો કરેલો છે ?

૨. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે:–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>::–કારણો–::</u>**

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૧૦) ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષ દ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરિયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવાઓથી આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા જોઈએ.

(૧૧) ફરીયાદપક્ષે આ કામે ફરીયાદી બાલીબેન વા/ઓ ગોપાલભાઈ સાબળીયાને **આંક–૨૪** થી તપાસેલા છે.આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું જાનબાઈ દેરડી મુકામે રહુ છુ અને ઘરકામ તથા ખેતીકામ કરૂ છું. ગત તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે મારે તથા મારા પરીવારજનોને મારા પિયરીયા જગદીશભાઈ, નકુભાઈ, વિષ્ણુભાઈ, સંજયભાઈ, મુન્નાભાઈ અને ભાવેશભાઈ સાથે સંજયભાઈ

મોટર સાઈકલ લઈ ગજવતા હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સીવાય બીજુ કશુ બનેલ નહી. આ સમયે ઘણું ટોળું ભેગુ થઈ ગયેલુ હોય ધકકામુકકી પડી જવાથી અમને ઈજા થયેલી. આ સામાન્ય બોલાચાલી અંગે મે ફરીયાદ આપેલી. મને મે આપેલી ફરીયાદ બતાવવામ ાઆવે છે. જેમાં મારી સહી છે. જે ઓળખી બતાવી રજુ કરૂ છું. જે રજુ દાખલ આંક– ૨૫ આપવામા આવે છે. આરોપીઓને જોયે ઓળખી શકું. જે તમામ આરોપીઓ હાજર છે. અમને કોઈએ હથિયાર વડે માર મારી ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. હું કોઈ હથિયાર જોયે ઓળખી શકુ નહી કારણ કે કોઈને કોઈએ હથિયાર વડે માર મારેલ નથી. આ સીવાય બીજુ કશુ બનેલ નથી. સદર ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ ત્યારબાદ એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૧.૧) બચાવપક્ષની ઉલટ તપાસમા સદર ફરિયાદીએ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાઈ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતા ઘણા બધા માણસો ભેગા થતા કોણ શુ બોલતુ હતુ તેની મને ખબર નથી કે મે કોઈના હાથમાં હથિયાર જોયેલ નથી અને અમને કોઈએ હથિયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ટોળામાં ધકકામુકકી થતા પડી જવાથી અમને ઈજા થયેલી. એ વાત ખરી છે કે મે કોઈ હકીકત ડોકટર સાહેબને લખાવેલ હોય તેવુ બનેલ નથી કે ડોકટરે મને કોઈ હકીકત પુછેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે સાહેદ ગોપાલભાઈ ભુપતભાઈ સાબળીયાને **આંક–૨૬** થી તથા સાહેદ ભુપતભાઇ વેલજીભાઈ સાબળીયાને **આંક–૨૭** થી તથા સાહેદ સોમજીભાઈ વેલાભાઈ સાબળીયાને **આંક–૨૮** થી તથા સાહેદ શૈલેષભાઈ માધાભાઈ સાબળીયાને **આંક–૨૯** થી તથા સાહેદ રેખાબેન ભુપતભાઇ સાબળીયાને **આંક–૩૦** થી તથા સાહેદ નિલેષભાઈ ભુપતભાઇ સાબળીયાને **આંક–૩૧** થી તપાસેલા છે, આ સાહેદો પોતાની જુબાનીમાં જણાવે છે કે હું જાનબાઈ દેરડી મુકામે રહુ છું. ગત તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે જગદીશભાઈ તથા તેમના કુટુંબી નકુભાઈ, વિષ્ણુભાઈ, સં

જયભાઈ, મુન્નાભાઈ અને ભાવેશભાઈ સાથે સંજયભાઈ મોટર સાઈકલ લઈ ગજવતા હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સીવાય બીજુ કશુ બનેલ નહી. આ સમયે ઘણું ટોળું ભેગુ થઈ ગયેલુ હોય ધકકામુકકી પડી જવાથી અમને ઈજા થયેલી. આ સામાન્ય બોલાચાલી અંગે બાલીબેને ફરીયાદ આપેલી. તે કામે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીઓને જોયે ઓળખી શકું. જે તમામ આરોપીઓ હાજર છે. અમને કોઈએ હથિયાર વડે માર મારી ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. હું કોઈ હથિયાર જોયે ઓળખી શકુ નહી કારણ કે કોઈને કોઈએ હથિયાર વડે માર મારેલ નથી. આ સીવાય બીજુ કશુ બનેલ નથી. સદર સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ ત્યારબાદ એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૨.૧) બચાવપક્ષની ઉલટ તપાસમા સદર ફરિયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે,એ વાત ખરી છે કે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાઈ બનેલ નથી. એ વાત ખરી છે કે બોલાચાલી થતા ઘણા બધા માણસો ભેગા થતા કોણ શુ બોલતુ હતુ તેની મને ખબર નથી કે મે કોઈના હાથમાં હથિયાર જોયેલ નથી અને અમને કોઈએ હથિયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ટોળામાં ધકકામુકકી થતા પડી જવાથી અમને ઈજા થયેલી. એ વાત ખરી છે કે મે કોઈ હકીકત ડોકટર સાહેબને લખાવેલ હોય તેવુ બનેલ નથી કે ડોકટરે મને કોઈ હકીકત પુછેલ નથી.

( ૧૩ ) ફરીયાદપક્ષે પંચ સાહેદ ગોપાલભાઈ અશોકભાઇ ઓગાણીયાને **આંક-૩૨** થી તથા પંચ સાહેદ લાલજીભાઈ બાજુભાઈ ચારોલીયાને **આંક-૩૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની રૂબરૂમાં ડીસ્કવરી પંચનામું કર્યાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક-33 ના** રજૂ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ

ઉલટ તપાસમાં પણ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેમજ બચાવપક્ષની ઊલટતપાસમાં પણ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને તે સિવાયની પંચનામાની હકીકત જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામાની હકીકતોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

( ૧૪ ) ફરીયાદપક્ષે પંચ સાહેદ નીતેશભાઈ રામજીભાઈ મેરને **આંક–૩૫** થી તથા પંચ સાહેદ અલ્પેશભાઈ મનસુખભાઈ રવોલીયાને **આંક–૩૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની રૂબરૂમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૩૬ ના** રજૂ પં ચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદર પં ચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેમજ બચાવપક્ષની ઊલટતપાસમાં પણ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને તે સિવાયની પંચનામાની હકીકત જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામાની હકીકતોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે પંચ સાહેદ કેવલભાઈ શીવાભાઈ રવોલીયાને **આંક–૬૧** થી તથા પંચ સાહેદ અજયભાઈ મુકેશભાઈ રવોલીયાને **આંક–૬૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની રૂબરૂમાં આરોપી અટક કરી કપડા કબજે કરી પંચનામું કર્યાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૬૨ ના** રજૂ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ

ઉલટ તપાસમાં પણ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેમજ બચાવપક્ષની ઊલટતપાસમાં પણ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને તે સિવાયની પંચનામાની હકીકત જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામાની હકીકતોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે પંચ સાહેદ રાજેશભાઈ રણછોડભાઈ ધરાજીયાને **આંક–૬૪** થી તથા પંચ સાહેદ ભુપતભાઇ કાનજીભાઈ ગોહીલને **આંક–૬૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની રૂબરૂમાં સાહેદ પાસેથી કપડા કબજે કરી પંચનામું કર્યાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૬૫ ના** રજૂ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેમજ બચાવપક્ષની ઊલટતપાસમાં પણ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને તે સિવાયની પંચનામાની હકીકત જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામાની હકીકતોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૭) ફરિયાદપક્ષે આ કામે ત.ક.અ. કૌશીકકુમાર કાંતીલાલ પાંડવને **આંક–૬૯ થી** તપાસેલા છે, આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, ગત તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ હું લાઠી પો. સ્ટે. ખાતે પો.સ.ઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો ત્યારે ગુના રજી. નં. ૮૫/૨૦૨૫ ની તપાસ મને પી.એસ.ઓ. દ્વારા સોપી આપવામા આવેલી. જેનો ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ.ની સહી ઓળખી રજુ કરૂ છું. જેને રજુ દાખલ આંક–૭૦ આપવામા આવે છે. આ કામે ફરીયાદી બાલીબેન સાબળીયાની ટૂંકમાં ફરીયાદ હકીકત એવી હતી કે તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ તેમના ઘરની બાજુમાથી આરોપી સંજયભાઈ ટુ વ્હીલ બાઈક મોટો અવાજ આવે તે રીતે લઈને નીકળતા તે અંગે ઠપકો આપતા આરોપી સં જયભાઈ તથા જગદીશભાઈ, ભાવેશભાઈ, મુન્નાભાઈ, નકુભાઈ અને વીષ્ણુભાઈ

વિગેરે તમામે  એક સંપ કરી ફરીયાદી તથા સાહેદોને લોખંડના પાઈપ તથા ધારીયા વડે માર મારી, મુંઢ ઈજા કરી, તથા અન્ય લોશી નીકળે તેવી ઈજાઓ કરી ગાળા ગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપેલી વગેરે મતલબની ફરીયાદ હકીકત મે વં ચાણે લીધેલી.ત્યાર બાદ મે તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી સામેલ રાખેલ. આ કામના આરોપીઓને તપાસના કામે હાજર થવા નોટીસ  કરતા તેમના આધારે તેઓ હાજર થયેલા જેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી. પી.એસ.ઓ.ને યાદી કરેલી. જે આ કામે રજુ છે. આરોપીઓ મારી સમક્ષ તપાસના કામે હાજર થતા તેમની શરીર સ્થિતિનું પંચનામુ કરી, ગુનામાં વાપેરેલ હથિયારો પંચનામાની વિગતે કબજે કરેલ. જે પં ચનામુ પણ આ કામે રજુ  છે. તેમા મારી તથા પંચોની સહીઓ હું ઓળખી બતાવુ છું. ત્યાર બાદ મે તપાસના કામે એફ.એસ.એલ મારફતે સ્થળ તપાસણી કરાવી અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપી તથા સાહેદોના બનાવ સમયે પહેરેલ કપડા પંતો રૂબરૂ કબ્જે કરેલા તેમજ આરોપી તથા સાહેદના લોહીના નમુના લેવડાવેલા અને તે બાદ કબ્જે કરવામા આવેલ હથીયાર, કપડા, ઈંટનો ટુકડો વિગેરે તમામા એફ.એસ.એલ તપાસણી અર્થે એફ.એસ.એલ ખાતે મોકલી આપેલ જે આ આંક–૪૯ તથા ૫૦ વાળી રવાનગીમા મારી સહી ઓળખી બતાવું છુ. તે બાદ આ કામે ઈજા પામનારાઓના સારવાર સર્ટી મેળવવા યાદી કરેલી અને તેના આધારે સારવાર સર્ટી આવી જતા તે તપાસના કામે સામેલ રાખેલ જે યાદી તથા સર્ટીફિકેટ આ કામે રજુ છે. આ બનાવ બન્યો તે સમય ગાળા દરમ્યાન અમરેલીના મહે. અધિક જીલ્લા મેજી. સાહેબશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય તે મેળવી તપાસના કામે સામેલ રાખેલ અને આ રીતે મારી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓ પૈકી નં.૧ તથા ૪ સીવાયના આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. હાજર હોત તો ઓળખી બતાવત તથા હાજર આરોપીઓને ઓળખી બતાવુ છુ.

(૧૭.૧) બચાવપક્ષે કરેલ ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે મે કબ્જે કરેલ

કોઈપણ મુદામાલ અંગે ડી.એન.એ રીપોર્ટ કરાવેલ નથી. એ વાત ખરી છે કે બ્લડ ગ્રુપ ઘણાબધા માણસોના એકસરખા હોય.

(૧૮) હવે, વર્તમાન કેસના તથ્યો તેમજ રેકોર્ડ પર આવેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓને ધ્યાનમાં લેતાં, આગળ વધતા પહેલાં આ કેસ સંબંધિત નીચે મુજબની કાયદાકીય જોગવાઈઓનો વિચાર કરવો જરૂરી છે:–

***Section 319** of Indian Penal Code, 1860 which is now section **114** of BNS, 2023* deals with *Hurt*—Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt.

***Section 115(2)** of BNS, 2023* deals with whoever, expect in the case provided for by section 334, **voluntarily causes hurt**, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

*As per **Section 118(1)** of BNS,2023* Whoever, except in the case provided for by sub-section (1) of section 122, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine which may extend to twenty thousand rupees, or with both.

*As per **Section 118(2)** of BNS,2023* Whoever, except in the case provided for by sub-section (2) of section 122, voluntarily causes grievous hurt by any means referred to in sub–section (1), shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which shall not be less than one year but which may extend to ten years, and shall also be liable to fine.

*As per **Section 352** of BNS,2023*whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other

offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

*As per **Section 125** of BNS,2023* Whoever does any act so rashly or negligently as to endanger human life or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to three months or with fine which may extend to two thousand five hundred rupees, or with both, but, **a.**where the hurt is caused, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five thousand rupees, or with both; **b.** where grievous hurt is caused, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine which may extend to ten thousand rupees, or with both.

*As per **Section 351(3)** of BNS,2023* whoever commits the offence of criminal intimidation by treating to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death of imprisonment for life, or with imprisonment for a term which my extend to seven years, or to impute unchastity to a women, shall be punished with imprisonment of either description for a term which may extend to seven yerars, or with fine, or with both.

***Section 54** of BNS,2023* deals with whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૧૯) તેમજ **કેલાશ ગૌર વિ. સ્ટેટ ઓફ આસામ[1] ના કેસમાં, પરિચ્છેદ ૨૮** માં માનનીય સુપ્રીમ કોર્ટએ આ રીતે નિર્ધારિત કર્યું છે કે, “આપરાધિક ન્યાયશાસ્ત્રનો એક મૂળભૂત સિદ્ધાંત એ છે કે આરોપી દોષી સાબિત થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે. તે પણ સમાન રીતે સુસ્થાપિત છે કે શંકા, ભલે કેટલીય મજબૂત હોય, તે પુરાવાની જગ્યા લઈ શકતી નથી. "આરોપીએ ગુનો કર્યો હોય શકે છે" અને "આરોપીએ ગુનો કર્યો જ છે" — આ બંને વચ્ચે ઘણો લાંબો અંતર હોય છે, જે પ્રોસિક્યુશનને વિશ્વસનીય અને દ્રઢ

1 AIR 2012 (SC) 786

પુરાવા દ્વારા પાર કરવો પડે છે. નિર્દોષ માનવાની ધારણા એ માનવ અધિકાર છે. કાયદાકીય અપવાદને છોડીને, આ સિદ્ધાંત ભારતના આપરાધિક ન્યાયશાસ્ત્રનું આધારસ્તંભ છે." આ ઉપરાંત, ઝહિરા હબીબુલ્લા એચ. શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત[2] ના કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટએ નિરીક્ષણ કર્યું કે, "ન્યાયને અંધ માનવામાં આવે છે, તેમ કહેવાય છે, પરંતુ તે અંધપટ્ટી ફક્ત એટલા માટે છે કે ન્યાયાલય કોઈ પક્ષને તેની ઓળખના આધારે ન જોશે, પરંતુ સામે મૂકાયેલા વિષયમાં કાયદાની અમલવારી કરીને ન્યાય આપે. આનો અર્થ એ નથી કે અદાલત સામે આવેલી હકીકત અથવા વિવાદથી પોતાનું ધ્યાન હટાવી દેવું જોઈએ કે ન્યાયના ઉદ્દેશને અવગણવું જોઈએ. અદાલતો પર હંમેશા ન્યાયની વ્યવસ્થામાં જાહેર વિશ્વાસ જાળવવાની ફરજ હોય છે — જેને ઘણીવાર "કાયદાની મહિમા જાળવવાની ફરજ" તરીકે ઓળખવામાં આવે છે. ન્યાયનું યોગ્ય સંચાલન એક સતત પ્રક્રિયા છે — તે ફક્ત એક ચોક્કસ કેસના નિરાકરણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ ભવિષ્યમાં પણ અદાલત તરીકે તેની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરે છે."

જેથી, ફોજદારી કેસો અથવા અપીલોનો નિર્ણય કરતી વખતે અદાલતોએ સત્ય સુધી પહોંચવા માટે પુરાવાનું મૂલ્યાંકન કરતી વેળાએ જીવનની વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવી જરૂરી છે. અદાલતો પર એ ફરજ નથી કે તેઓ પ્રોસિક્યુશનને વધુ છૂટછાટ આપે અથવા કાયદાનો ઢીલો અર્થ કાઢીને આરોપીના પક્ષમાં ઝૂકે. પરંપરાગત, કટ્ટર અને અતિ તકનીકી દ્દષ્ટિકોણને બદલે, તર્કસંગત, વાસ્તવિક અને પ્રામાણિક દ્દષ્ટિકોણ અપનાવવો આવશ્યક છે, ખાસ કરીને એવા પ્રશ્નો પર વિચાર કરતી વખતે જે હાલ આપણા સમક્ષ છે. ફોજદારી ન્યાયશાસ્ત્રને માનવીય સંસ્કૃતિ અને કાયદાની વાસ્તવિકતાઓનો અંગભૂત ભાગ તરીકે જોવું જોઈએ. અદાલતો પોતાનું ધ્યાન સત્યથી હટાવી શકતી નથી કે સત્યને અવગણી શકતી નથી, કારણ કે તે ન્યાયના ગર્ભપાત ને રોકવાની તેમની ફરજના વિરુદ્ધ છે.

(૨૦) **પુરાવાનો સારાંશ:**

**પી.ડબ્લ્યુ. ૧ – બાલીબેન(ફરિયાદી):** આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી તેઓને અને તેમના કુટુંબીજનોને ઈજા

2 (2004) 4 SCC 158

થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૨ – ગોપાલભાઇ(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૩ –ભુપતભાઇ(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૪ –સોમજીભાઇ(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૫ –શૈલેષભાઈ(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૬ –રેખાબેન(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૭ –નિલેશભાઈ(સાહેદ)–** તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કશું બનેલ ન હોવાનું જણાવેલ તેમજ ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થચેલાનું જણાવેલ તથા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ ન હોવાનું તથા ધમકી કે ગાળો આપેલ ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૮ –ગોપાલભાઈ (પંચ સાહેદ)–** ડીસ્કવરી પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૯ – લાલજીભાઇ (પંચ સાહેદ)–** ડીસ્કવરી પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૦ –નીતેશભાઇ(પંચ સાહેદ)**– ગુનાવાળી જગ્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૧ –અલ્પેશભાઈ (પંચ સાહેદ)**– ગુનાવાળી જગ્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૨ –કેવલભાઈ (પંચ સાહેદ)**– આરોપીને અટક કરી કપડા કબજે કર્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૩ –અજયભાઈ (પંચ સાહેદ)**– આરોપીને અટક કરી કપડા કબજે કર્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૪ –રાજેશભાઈ (પંચ સાહેદ)**– સાહેદ પાસેથી કપડા કબજે કર્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૫ –ભુપતભાઈ (પંચ સાહેદ)**– સાહેદ પાસેથી કપડા કબજે કર્યાના પંચનામા સંબંધી પંચ સાહેદ છે. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા સંબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવેલ.

**પી.ડબ્લ્યુ.૧૬ –કૌશિકકુમાર (તપાસ અધિકારી):** તપાસ પ્રક્રિયા સમજાવી, પંચનામા તથા સાહેદોના નિવેદન લીધેલ હોવાની પુષ્ટિ કરી.

(૨૧) આમ આ કામે રજૂ સાહેદોની જુબાનીનું પુરાવાની દ્રષ્ટિએ મુલ્યાંકન કરવામાં આવે તો બનાવના સમયે અને સ્થળે, ફરિયાદી અને સાહેદો તથા આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયાની હકીકતને સમર્થન મળે છે. પરંતુ આ કામે અગત્યના કહી શકાય તેવા ફરિયાદીનો જ પુરાવો જોતાં જણાવેલ છે કે આરોપી સાથે ફક્ત બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં, બોલાચાલી થતા ધક્કામુક્કી થતા પડી જવાથી ફરીયાદી તથા તેમના પરીવારજનોને ઈજા થયેલી તથા કોઈએ હથિયાર વડે માર મારી

ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી કે ડોક્ટરને તેઓએ કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી તેમ સ્વીકારેલ છે. જયારે ફરિયાદની હકીકત તેનાથી તદ્દન વિપરીત છે. તેમજ અગત્યના કહી શકાય તેવા સાહેદોનો પુરાવો જોતાં તેઓ પણ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેઓએ પણ ફરીયાદીએ જણાવેલ હકીકતોનું જ પુનરાવર્તન કરેલ છે અને સ્વીકારેલ છે કે બનાવ સમયે ફરિયાદી અને તેઓની સાથે આરોપીઓને સામાન્ય બોલાચાલી થયેલી તથા કોઈએ હથિયાર વડે માર મારી ગાળો આપેલ હોય કે કોઈ ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તથા તેઓને ધક્કામુક્કીમાં પડી જવાથી ઈજા થયેલ. તેમજ આ કામે ગાળોના કોઈ ચોક્કસ શબ્દો પણ ફરિયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ આ કામે તપાસ કરનારશ્રીનો પુરાવો રજૂ હોય તેઓએ માત્ર તેઓની ફરજ મુજબની કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ આ કામે અગત્યના કહી શકાય તેવા ફરિયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી ત્યારે માત્ર તપાસ કરનારશ્રીના પુરાવા પરથી આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય નહીં. આમ, આ કામે રજૂ પુરાવાથી આ કામના આરોપીઓ વિરુદ્ધની હકીકત પુરવાર થતી ન હોય, આ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીઓને તેમની વિરુદ્ધના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહીં. આમ, આ સંજોગોમાં પણ બનાવ અંગે શંકા ઉપસ્થિત થાય છે. આમ, ફરિયાદ પક્ષને ઉપયોગી નિવડે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોવાનું ફલીત થતું નથી.

(૨૨) વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **Sujit Biswas vs. State of Assam [2013(12) SCC 406]** માં ઠરાવેલ છે કે, *“Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear,*

*cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justiceis avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense."*

આમ, આ કામે રજૂ ઉપરોક્ત તમામ પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ **બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫** મુજબનો ગુનો પુરવાર કરવા માટેના જરૂરી આવશ્યક તત્વો પુરવાર કરવા માટે કોઈ ઠોસ પુરાવો આપી શકેલ નથી.

(૨૩) આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ તથા ચર્ચેલ ચુકાદા મુજબ તથા ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવા ધ્યાને લેતા, તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સાંજના આશરે ૧૭–૩૦ વાગ્યાની આસપાસ મોજે દેરડી જાનબાઈ ગામે આરોપી નં.૧ ટુ–વ્હીલર લઈને ફરિયાદીના ઘરની બાજુમાં નીકળેલ હોય અને બાઈક ગજવતા હોય જેથી ફરિયાદીના સાસુએ બાઈક ગજવવાની ના પાડેલ અને ત્યારબાદ આરોપી નં.૧ ના બહેન ચકુબેન તથા રંજનબેન તથા તહો.નં.૧ ની પત્ની શોભાબેન ફરિયાદીના ઘર પાસેથી નીકળેલ જેઓને ફરિયાદીના સાસુએ ફરિયાદીના ઘરની પાસેના રસ્તેથી ચાલવાની ના પાડેલ હોય, જેનું મનદુઃખ રાખી આરોપી નં.૧ નાએ ફરિયાદી તથા સાહેદોના ઘર પાસે આવી ફરિયાદી તથા સાહેદોને ગાળો આપી બોલાચાલી કરેલ, જે દરમિયાન ફરિયાદીએ ફોન કરીને તેના સસરા ભુપતભાઇને ઘરે બોલાવતા, ભુપતભાઈ આવીને તમામ લોકોને સમજાવતા હતા તે દરમિયાન આરોપી નં.૨ જગદીશભાઈ ત્યા ધારીયું લઈને આવી ફરિયાદીના સસરાના માથાના ભાગે તેમજ બંને નેણ પાસે બે–બે ટાંકા આવે તેવી ગંભીર ઈજા કરેલ, તેમજ માથાના ભાગે હેમરેજ આવે તેવી ઈજા કરેલ

તથા ફરિયાદીના પતિ ગોપાલભાઈને આરોપી નં.૩ નાએ આવી ઘુંટણના ભાગે પથ્થર વડે માર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તથા આરોપી નં.૪,૫,૬ નાઓએ પણ ત્યા આવી તેમાંથી કોઈએ પથ્થરના છૂટા ઘા કરેલ તથા ફરિયાદી અને સાહેદો સાથે બોલાચાલી તથા મારમારી કરેલ અને તે દરમિયાન ફરિયાદીના મોટા સસરા સોમજીભાઈને આરોપી નં.૬ નાએ ખંભાના ભાગે લોખંડના પાઈપ વડે માર મારી મુંઢ ઈજા કરી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મે.અધિક જિલ્લા મેજી. સા. અમરેલીનાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી **બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ** મુજબનો ગુનો નિશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારાત્મક ઠરાવી આ કેસના આખરી નિર્ણય માટે મુદા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

**૧.** આ કામના આરોપીઓ:– **(૧) જગદીશભાઈ વાઘજીભાઈ સોલંકી ઉ.વ.૪૦ (૨) નકુભાઈ વાઘજીભાઈ સોલંકી ઉ.વ.૫૯ (૩) વિષ્ણુભાઈ સુખાભાઈ સોલંકી ઉ.વ.૩૮ (૪) સંજયભાઈ નકુભાઈ સોલંકી ઉ.વ.૨૯ (૫) મુનાભાઈ આંબાભાઈ સોલંકી ઉ.વ.૩૬ (૬) ભાવેશભાઈ રમેશભાઈ ઉર્ફે શીવાભાઈ સોલંકી ઉ.વ.૨૯** તમામ રહે. વાડી વીસ્તાર, મું.જાનબાઈ દેરડી, તા.લાઠી, જિ.અમરેલીનાઓને બી.એન.એસ.એસ. ની કલમ– ૨૭૧(૧)અન્વયે આરોપીઓને **બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૧૨૫, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામા આવે છે.

**૨.** બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૦ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો

આરોપીઓએ અપીલના સમય માટે રૂ.૫,૦૦૦/–ના નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામા આવે છે.

**3.** આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. **૦૧ લી** માહે– **ઓગષ્ટ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

લાઠી.

તા.૦૧/૦૮/૨૦૨૬

**(રવીશ અનિલ નાગપાલ)**

જયુડી.મેજી.ફ.ક.,લાઠી.

(કોડ નં.જી.જે.૦૧૫૫૩)